# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wedenesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **રાજ્ય સરકાર આરોગ્ય સંશોધન માટે તજજ્ઞોને પ્રોજેક્ટ દીઠ 10 લાખ રૂપિયાની સહાય આપશે**
2) આગામી 5 વર્ષમાં 17 હજાર નોન-એસી જનરલ/સ્લીપર કોચ જોડવામાં આવશે- રેલવે મંત્રીનો લોકસભામાં જવાબ
3) રાજ્યમાં 66 લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર કરાયું
4) હરિત આવરણ વધારવા જિલ્લાઓમાં માર્ગની બંને બાજુ 7 લાખથી વધુ રોપા વાવવામાં આવશે.
5) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું-આજે માત્ર દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## MEDICAL RESEARCH SCHEME

આરોગ્ય ક્ષેત્રે સંશોધન માટે "સ્કીમ ફોર પ્રમોટીંગ રીસર્ચ ઇન હેલ્થ એન્ડ મેડિકલ કેર "ને મંજૂરી આપવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર સંશોધન માટે પ્રોજેક્ટ દીઠ મહત્તમ 10 લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે. જ્યારે 10 લાખથી ઉપરની સહાય માટે કેન્દ્ર સરકારની સહાય અને અન્ય સંસ્થાઓમાંથી અનુદાન અપાશે. આ માટે પ્રોજેક્ટ્સ એકથી ત્રણ વર્ષની સમય મર્યાદાના હોવા જરૂરી છે. રીસર્ચ પ્રોજેક્ટની મંજૂરી માટે રાજ્ય સંશોધન સલાહકારી સમિતિ સમીક્ષા કરશે.

રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ , જીલ્લા/પેટા જીલ્લા અને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખાતેના નિષ્ણાંતો / તજજ્ઞો કે જેમાં MBBS / MS/ MD/ MCH/ DM/ DNB અથવા સંલગ્ન સંવર્ગના PhD ફેકલ્ટીને લાભ આપવામાં આવશે.

## GUJARAT ATS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – A.T.S.એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી 30 વર્ષની મહિલા શમા પરવીનની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ મહિલા આતંકી સંગઠનની વિચારધારાનો પ્રચાર કરી રહી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , બેંગ્લુરુથી પકડાયેલી આ મહિલા ઑનલાઈન આતંકી મૉડેલ પર કામ કરે છે. જેના પાકિસ્તાની સંપર્ક પણ મળી આવ્યા છે.

**(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી )**

## ASHWINI VAISHNAV - RAILWAY

રેલવેમાં આગામી 5 વર્ષમાં 17 હજાર નોન-એસી જનરલ/સ્લીપર કોચ જોડવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં એક પ્રશ્નનો જવાબ

આપતા જણાવ્યુ હતું કે 78 ટકા નોન-એસી બેઠકો અને 70 ટકા નોન-એસી કોચ સાથે, મોટી સંખ્યામાં મેલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનો મુસાફરોને આરામદાયક મુસાફરી પ્રદાન કરી રહી છે. શ્રી વૈષ્ણવે ઉમેયું મંજૂર કરાયેલ 100 અમૃત ભારત ટ્રેનમાંથી, 14 ટ્રેનો કાર્યરત છે. તેમણે જણાવ્યુ માત્ર ત્રણ વર્ષમાં જ વંદે ભારત રેલવે સેવા તમામ રાજ્યોમાં ઉપલબ્ધ થઈ છે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી)

## RAGHAVJI VAVETAR

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોએ આશરે 66 લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર કર્યું છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ, રાજ્યમાં ચાલુ વર્ષે કપાસ અને મગફળી પાકનું સૌથી વધુ 20-20 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર કરાયું છે. ગત વર્ષની સરખામણીએ તેલીબીયા પાકોના વાવેતર વિસ્તારમાં એક લાખ હેકટરથી વધુ વિસ્તારનો વધારો થયો છે. શ્રી પટેલે ઉમેર્યું કે 9 લાખ 79 હજાર હેક્ટરમાં ધાન્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે.

(બાઇટ-રાઘવજી પટેલ,કૃષિમંત્રી)

## PADMA AWARDS

પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો માટેની છેલ્લી તારીખ 15 ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. પુરસ્કારો માટે નામાંકન ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર ઓનલાઈન પ્રાપ્ત થશે. પદ્મ પુરસ્કારો-2026 માટે નામાંકન આ વર્ષે 15 માર્ચથી શરૂ થયું હતું. પદ્મ પુરસ્કારો, જેમ કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. આ પુરસ્કાર વિશિષ્ટ કાર્યને ઓળખવાનો પ્રયાસ કરે

છે અને તે તમામ ક્ષેત્રો અને શાખાઓમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ અને સેવા માટે આપવામાં આવે છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## SHIVRAJ- PM KISAN 20TH INSTALLMENT

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો 20મો હપ્તો 2જી ઓગસ્ટના રોજ છુટો કરવામાં આવશે. આ સંબંધમાં આજે નવી દિલ્હીમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને મહત્તમ ખેડૂતો સુધી તેનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના વારાણસીમાં કરશે.

આ બેઠકમાં શ્રી ચૌહાણે અધિકારીઓને આ કાર્યક્રમ સાથે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને ગ્રામ સ્તરના ખેડૂતોને જોડવાની સૂચના આપી હતી અને આ કાર્યક્રમને રાષ્ટ્રવ્યાપી અભિયાન તરીકે આયોજિત કરવા હાકલ કરી હતી. તેમણે દેશભરના ખેડૂતોને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરી હતી.

## FORREST

રાજ્યના વન વિભાગે ગ્રીન કવર વધારવા કચ્છ સૌરાષ્ટ્ર સહિતના બધા જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બંને બાજુની તેમજ અન્ય ખાલી જગ્યાઓમાં અંદાજે 7.63 લાખ રોપા વાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં વન વિભાગે આ રોપા વાવેતર અંગે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા સાથે ગાંધીનગરમાં સમજૂતી કરાર કર્યા.

આ યોજનાના અમલથી પરિસ્થિતી વિજ્ઞાન અને પર્યાવરણ સુરક્ષાની સાથે સાથે ટકાઉ વિકાસ લક્ષ્યોને પણ હાંસલ કરી શકાશે.

## GUJARAT RAIN

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે માત્ર દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ પડ્યો. દક્ષિણ ગુજરાતનાં 18 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જેમાં સુરતના ઉમરપાડામાં પોણા ઇંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 62 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ 66 ટકા અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો 55 ટકા વરસાદ વરસ્યો છે. વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી નર્મદા ડેમ 69 ટકા ભરાયો છે.

## WEATHER FORECAST

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે . પરંતુ આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે સામાન્ય વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યુ કે

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે આગામી 3 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

(બાઇટ: ડો. એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)

**SINHBAAL RESCUE-AMRELI**

અમરેલીના કાગવદર નજીક સિમ વિસ્તારમાં સિંહબાળમાં ભેદી રોગચાળાની આશંકાને લઈ વનવિભાગની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઓપરેશનમાં 9 સિંહબાળ અને 1 સિંહણના આખા ગ્રુપને પાંજરે પૂરવામાં આવ્યા છે.

વનવિભાગને સિંહબાળની નાજૂક સ્થિતિની જાણ થતાં ટીમ સ્થળ પર પહોંચી અને સ્કેનિંગ કરતાં સિંહબાળ ગ્રુપની હાલત અતિ નાજુક જણાતાં તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશન દરમિયાન 2 સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થયા છે. વનવિભાગની ટીમ દ્વારા સિંહબાળના સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરવામાં આવશે, સેમ્પલની તપાસ બાદ મોતનું કારણ બહાર આવશે.

## CHOTA UDEPUR SANSAD

છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ ફેરકુવાથી બોડેલી અને બોડેલીથી વાયા જાંબુઘોડા-પાવાગઢ સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગને ચાર માર્ગીય કરવા કેન્દ્રિય માર્ગ અને પરિવહન મંત્રીને રજૂઆત કરી છે. આ માર્ગો પર વધતાં જતાં પરિવહન અને સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવા આ માર્ગોને ચાર માર્ગીય કરવું જરૂરી બન્યું હોવાનું પત્રમાં જણાવાયું છે.

**SAADHAN SAHAAY -DAMAN**

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો.

શિક્ષણ વિભાગ, સમગ્ર શિક્ષા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાની સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને શાળાની બહાર અભ્યાસ કરતા વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા લગભગ 40 વિકલાંગ વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રિક સ્કૂટર , ટ્રાઇસાઇકલ, વ્હીલચેર, , શ્રવણ યંત્ર વિગેરે જેવા સહાયક ઉપકરણો નું વિતરણ કરવામાં આવ્યું હતું.